## <u>ટીડા જોશીની વાર્તા</u>



એક હતો જોશી. એને જોશ જોતાં ન આવડે પણ દંભમાં રળી ખાય. એક દિવસ તે એક ગામથી બીજે ગામ જવા નીકળ્યો. રસ્તામાં બે ધોળા બળદને એક ખેતરમાં ચરતા દીઠા. તેણે એ વાત ધ્યાનમાં રાખી લીધી.

જોશીજી તો ગામમાં ગયા અને એક પટેલને ત્યાં ઉતારો કર્યો. એક કણબીકણબણ આવ્યાં ને મહારાજને કહે : "જોશી મહારાજ ! અમારા બે ધોળા બળદ ખોવાયા છે; કઈ દિશામાં ગયા હશે તેનું જોશ જોઈ આપો ને ?"

જોશીએ તો હોઠ ફફડાવી એક જૂના સડી ગયેલા ટીપણામાં જોઈને કહ્યું : "પટેલ ! તમારા બળદો આથમણી સીમમાં ફલાણાના ખેતરમાં છે, તે ત્યાંથી લઈ આવો."

પટેલ તો બતાવેલા ખેતરે ગયો એટલે તેને બળદો મળ્યા. તે ઘણો ખુશ થયો અને ટીડા જોશીને રાજી કર્યા.

બીજે દીવસે રાતે ટીડા જોશીની પરીક્ષા કરવા ઘરધણીએ પૂછયું : "મહારાજ ! તમારું જોશ સાચું હોય તો કહો, ઘરમાં કેટલા રોટલા થયા હતા ?"

ટીડા જોશીને તો કંઈ ધંધો ન હતો, એટલે રોટલા તાવડીમાં નાખતી વખતના ટપાકા ઉપરથી ગણેલું કે તેર રોટલા થયેલા છે એટલે તેણે જોશ જોવાનો ડોળ કરીને કહ્યું : "પટેલ ! આજે તમારા ઘરમાં તેર રોટલા થયા હતા."

પટેલ તો બહુ આશ્ચર્ય પામ્યો.

ઉપલા બે બનાવથી જોશી મહારાજની કીર્તિ આખા ગામમાં ફેલાઈ, ને જોશી મહારાજ પાસે સૌ જોશ જોવરાવવા આવવા લાગ્યા. એટલામાં ત્યાંના રાજાની રાણીનો નવલખો હાર ખોવાયો.

રાજાએ જોશીની કીર્તિ સાંભળી હતી, એટલે તેણે તેને તેડાવ્યો.

રાજાએ જોશીને કહ્યું, "જુઓ, ટીડા મહારાજ ! રાણીનો હાર ક્યાં છે અથવા તો કોણ લઈ ગયું છે તે જોશ જોઈને કહો. હાર જડશે તો તમને રાજી કરીશું."

જોશી મૂંઝાયા. જરા વિચારમાં પડયા. રાજાએ કહ્યું, "આજની રાત તમે અહીં રહો, ને રાત આખી વિચાર કરીને સવારે કહેજો. પણ જોજો, જોશ ખોટું પડશે તો ઘાણીએ ઘાલીને તેલ કાઢીશ."

ટીડા જોશી તો વાળુ કરીને પથારીમાં પડયા પણ ઊંઘ ન આવે.

જોશીના મનમાં ભય હતો કે સવારે રાજા ઘાણીએ ઘાલીને તેલ કાઢશે.

ટીડા જોશીને ઊંઘ નહોતી આવતી એટલે તે ઊંઘ—નીદરડીને બોલાવવા લાગ્યા. "નીદરડી ! આવ ; નીદરડી! આવ."

હવે વાત એમ હતી કે રાજાની રાણી પાસે નીદરડી નામની દાસી રહેતી હતી ને તેણે જ રાણીનો હાર ચોર્યો હતો. "નીદરડી ! આવ ; નીદરડી ! આવ." એમ ટીડા જોશી બોલતા એણે સાંભળ્યા એટલે તે એકદમ ગભરાઈ ગઈ. એને લાગ્યું કે ટીડા જોશી પોતાનું નામ જોશના બળથી જાણી ગયા છે.

નીદરડીએ બચી જવાના વિચારથી ટીડા જોશીને હાર આપી આવવાનો વિચાર કર્યો. તે હાર લઈને જોશી પાસે ગઈ અને બોલી : "મહારાજ! લ્યો આ ખોવાયેલો હાર. મારું નામ હવે લેશો નહિ. હારનું ગમે તેમ કરજો."

ટીડા જોશી મનમાં ખુશ થયા કે આ ઠીક થયું ; નીદરને – ઊંઘને બોલાવતાં આ નીદરડી આવી અને હાર આપી ગઈ !

ટીડા જોશીએ નીદરડીને કહ્યું, "જો, આ હાર રાણીના ઓરડામાં તેના પલંગ નીચે મૂકી આવ."

સવાર પડી એટલે રાજાએ ટીડા જોશીને બોલાવ્યો. ટીડા જોશીએ તો ઢોંગ કરી એક બે સાચા ખોટા શ્લોક બોલ્યા અને પછી આંગળીના વેઢા ગણી હોઠ ફફડાવી, લાંબું ટીપણું ઉખેળી બોલ્યા, "રાજા ! રાણીનો હાર ક્યાંય ખોવાયો નથી. તપાસ કરાવો. રાણીના ઓરડામાં જ તેના પલંગ નીચે હાર છે એમ મારા જોશમાં આવે છે."

તપાસ કરાવતાં હાર પલંગ તળેથી જ મળ્યો. ટીડા ઉપર રાજા ખુશ થયો અને તેને સારું ઈનામ આપ્યું.

રાજાએ એકવાર ટીડા જોશીની વધારે પરીક્ષા કરવા એક યુક્તિ રચી.

ટીડા જોશીને લઈને રાજા એકવાર જંગલમાં ગયો. જોશીની નજર બીજે હતી એટલામાં રાજાએ પોતાની મૂઠીમાં એક ટીડું પકડી લીધું, ને પછી મૂઠી બતાવી ટીડાને કહ્યું, "કહો, ટીડાજી ! આ મૂઠીમાં શું છે ? જોજો, ખોટું પડશે તો માર્યા જશો !"

ટીડા જોશી હવે પૂરા ગભરાયા. તેમણે વિચાર કર્યો કે હવે ભરમ ઉઘાડો થશે. હવે જરૂર રાજા મારશે. ગભરાઈને પોતાના જોશ સંબંધેની સઘળી હકીકત રાજાને કહી દેવા અને માફી માગવા માટે બોલ્યા :–

"ટપટપ કરતાં તેર જ ગણ્યા,
વાટે આવતાં ધોરી મળ્યા;
નીદરડીએ આપ્યો હાર,

કાં રાજા ટીડાને માર ?"

ટીડા જોશી જયાં "કાં રાજા ટીડાને માર ?" એમ બોલ્યા ત્યાં તો રાજાના મનમાં થયું કે જોશી મહારાજ તો ખરેખરા સાચા જોશી છે. રાજાએ પોતાના હાથમાંથી ટીડું ઉડાડી કહ્યું, "વાહ, જોશીજી! તમે તો મારા હાથમાં ટીડું હતું તે પણ જાણી ગયા !"

ટીડા જોશી મનમાં સમજી ગયા કે આ તો મરતાં મરતાં બચ્યા ને સાચા જોશી ઠર્યા !

પછી રાજાએ જોશીને મોટું ઈનામ આપ્યું અને તેમને વિદાય કર્યા.

**– ગિજુભાઈ બધેકા**